ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G


# ગુજરાતને અન્યાય શા માટે ?



કેન્દ્ર સરકારની વીજ ઉત્પાદન કરતી ચાર કંપનીઓએ
છેલ્લા દસ વર્ષમાં દેશભરમાં ઉત્પાદિત કરેલી વીજળી

| કંપનીનું નામ | છેલ્લા દસ વર્ષમાં વીજ ઉત્પાદન (MW) |
|---|---|
| NTPC | ૨૨૦૦૦ થી વધુ મેગાવોટ |
| NPCIL | |
| NHPC | |
| NLC | |

કેન્દ્ર સરકારની ચાર કંપનીઓએ છેલ્લા દસ વર્ષમાં
દેશભરમાં ૨૨૦૦૦ મેગાવોટથી વધુ વીજ ઉત્પાદન કર્યું

આ કંપનીઓએ ગુજરાતમાં કેટલું વીજ ઉત્પાદન કર્યું ?
**શૂન્ય**

કેન્દ્ર સરકારની ચાર કંપનીઓએ આ વીજ ઉત્પાદન માટે છેલ્લા દસ વર્ષમાં
દેશભરમાં રૂા.૧ લાખ કરોડથી વધુનું મૂડીરોકાણ કર્યું

આ કંપનીઓએ વીજ ઉત્પાદન માટે
ગુજરાતમાં કેટલું મૂડીરોકાણ કર્યું ?
**એક રૂપિયો પણ નહીં**

કેન્દ્ર સરકાર અન્ય રાજ્યો પ્રત્યે આવો વ્યવહાર કરે છે ?
ગુજરાત પ્રત્યે કેન્દ્ર સરકારની આવી ભેદભાવની નીતિ કેમ ?
**કેન્દ્ર સરકાર જવાબ આપે...**

ગુજરાત સરકાર


# પાણી-ગટર વેરા સંદર્ભે એક હજાર બાકીદારોને નોટીસ

**વર્ષોના અંતે પણ વેરો ભરપાઈ નહીં કરનારા બાકીદારો પાસેથી પણ વસુલાત કરાશે**

ગાંધીનગર, તા.૨૮

પાણી-ગટર વેરાની બાકી વસુલાત સંદર્ભે જાગૃત થયેલા તંત્રએ ૧ હજાર જેટલા બાકીદારોને નોટીસ ફટકારી છે. જેમાં પાણી વેરો નહીં ભરનારનું જોડાણ કટ ઓફ કરી દેવાશે તેમ પણ જણાવાયું છે.

શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા સરકાર પ્રતિ વર્ષ કરોડોના ખર્ચનો બોજ ઉઠાવે છે. જયારે સેકટરોમાં ફોર્સથી પાણી પુરું પાડવા માટે પાણી વિતરણ વ્યવસ્થામાં પણ સુધાર લાવવાનું કામ પૂર્ણતાના આરે છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા પ્રતિ વર્ષ હાથ ધરાતી પાણી-ગટર વેરા ઝુંબેશના અંતે પણ બાકીદારોની યાદી મોટી હોવાનું તંત્રના ધ્યાને આવ્યું છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામો સહિત સેકટરોમાં પણ વેરો ભરપાઈ ન થયો હોય તેવા બાકીદારો અંગે તંત્ર દ્વારા થોડા સમય અગાઉ લીસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. વેરા વસુલાત ક્ષેત્રે લાખોનું માંગણું બાકી હોવાથી આ તમામ બાકીદારોને તંત્ર દ્વારા નોટીસ આપવાનો નિર્ણય લેવાયો હતો. જેના પગલે પાણી વિભાગ દ્વારા એક હજાર બાકીદારોને વેરો નિયત સમયમાં ચુકવી દેવા નોટીસ આપવામાં આવી છે. જો કે વધુ અન્ય બાકીદારોને નોટીસ આપવાની કાર્યવાહી ચાલુ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી પાણી વેરા વસુલાત ક્ષેત્રે નબળી કામગીરી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.




(તસવીર : દિપક જાની)

માર્ગ સલામતિનો સંદેશ આપવા માટે કડી સર્વ વિશ્વવિદ્યાલયના એક હજારથી વધુ વિદ્યાર્થીઓએ શુક્રવારે સવારે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા જિલ્લા પોલીસના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ખાતે રેલી તથા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

# રેડ અને પિન્ક કોડ આપી એન.એ.બી.એચ. ઈન્સ્પેક્શન ટીમે હોસ્પિટલની સેવાઓ ચકાસી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એન.એ.બી.એચ. પ્રમાણપત્ર અંગે ઈન્સ્પેક્શન માટે આવેલ ટીમે આજે દિવસ દરમ્યાન રેડ અને પીંક કોડ આપી હોસ્પિટલની ચુસ્તતા અંગેનું પરીક્ષણ કર્યું હતું.

ચાર સભ્યોની બનેલી ટીમે આજે વહેલી સવારથી જ સિવિલ હોસ્પિટલ ખાતે ડેરાતંબુ બાંધી અને ઈન્સ્પેક્શનની કાર્યવાહીનું પરીક્ષણ હાથ ધર્યું હતું. આ ટીમે આજે સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સ સેવા, તાત્કાલિક સારવાર કેન્દ્ર, ગાયનેક વોર્ડ, પિડીયાટ્રીક વોર્ડનું પણ પરીક્ષણ કર્યું હતું.

બપોરે એક વાગ્યાના સુમારે ટીમે એકાએક રેડ કોડ આપતાં જ હોસ્પિટલના આર.એમ.ઓ. તેમજ ઉચ્ચ તબીબી અધિકારીઓ દોડી ગયા હતા એટલું જ નહિ પણ ફાયર સેફટીના ઈન્ચાર્જ સહિતના કર્મચારીઓ પણ દોડી આવ્યા હતા.

આ પછી આજે સાંજે ૫.૩૦ થી ૫.૪૫ ના સુમારે ટીમે પીન્ક કોડ આપી તંત્રની ચુસ્તતાની વધુ એક પરીક્ષા લીધી હતી. પિન્ક કોડ ગાયનેક વોર્ડમાંથી નાના બાળકના અપહરણની ઘટના ન બને અપાતો હોય છે. આ કોડ મળતાં જ સિવિલ હોસ્પિટલના બહાર નીકળવાના તમામ દરવાજાઓ બંધ કરી કર્મચારીઓ અને અધિકારીઓ ગાયનેક વોર્ડ તરફ દોડી ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# પત્નીને જીવતી જલાવી દેવાના કેસમાં પતિને આજીવન કેદ

**સામાન્ય બાબતમાં ત્રણ બાળકોની માતાને જીવતી સળગાવી દેનાર આરોપીને ફાંસીની સજા થવી જોઈએ : સરકારી વકીલ**

ગાંધીનગર, તા.૨૮

પત્નીને જીવતી જલાવી દેવાના કેસમાં કોર્ટે તેણીના પતિને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર કલોલમાં મદિના પાર્ક સોસાયટીમાં રહેતા મહંમદ બીજલખાન બલોચને તેની પત્ની તાહીરબાનુ સાથે અવાર-નવાર ઝઘડો થતો હતો. તા. ૨૦ એપ્રિલ વર્ષ ૨૦૧૧ના રોજ બંને વચ્ચે ઝઘડો થતા આરોપી મહમંમદખાન બલોચે ઉશ્કેરાટમાં આવી પોતના ઘરની અગાશીમાં પત્ની તાહીરબાનુ ઉપર કેરોસીન છાંટયું હતું. ત્યારબાદ આરોપીએ તેણીને જીવતી સળગાવી દેવાના આશયથી દિવાસળીની આગ ચાંપી હતી. ગંભીર રીતે દાઝી ગયેલા તાહીરબાનુને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર


અલ્ટ્રાટેક
એન્જિનિયરની પસંદગી

FAIR MATE
VIRAT TMT BARS
UTKARSH

સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :
શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ
કામધેનુ સ્ટીલ
ભરોસાપાત્ર ISI
T.M.T. સ્ટીલ
અહીં સામાન્ય સ્ટીલ વપરાયેલું છે
અહીં કામધેનુ સ્ટીલ વપરાયેલું છે
અલ્ટ્રાટેક
સ્ટોકિસ્ટ
કૈલાસ ટ્રેડર્સ
લોદરાવાળા
Steel Tiger
૯૩૩/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
ફોન : ૯૮૨૪૨ ૬૧૨૨૫, ૨૩૨૨૩૮૦૧, ૯૯૯૯૮૪ ૭૩૨૦૦

Kisan
TMT BARS - ISI
ashirvad
C. PVC, UPVC
BENELAVE
FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com